ખેડબ્રહ્માના ચૂંટણી અધિકારીએ ચૂંટણી કર્મચારીઓને રાત્રે બે વાગ્યા સુધી બેસાડી રાખ્યા

કર્મચારીઓએ કલેકટરને કાર્યવાહી કરવા માંગ કરી

લોકસભાની ચૂંટણીમાં ખેડબ્રહ્મા અને વિજયનગરના મતદાન મથકોમાં તલોદ તથા આજુબાજુના ઘણા કર્મચારીઓને ફરજ સોંપાઈ હતી જે ફરજ પૂર્ણ થયા બાદ રાત્રે નવ વાગે ઈવીએમ મશીન સહિત તમામ ચૂંટણી સામગ્રી રીસીવીંગ સેન્ટર કે.ટી. હાઈસ્કૂલ ખાતે જમા કરાવી ફરજ મુકિતના આદેશ મેળવી લીધા હતા. પરંતુ મુખ્ય ચૂંટણી અધિકારીએ રાત્રે બે વાગ્યા સુધી પી.ઓ. સહિત તમામ ટીમોને મુકત કરી ન હતી. જેથી થાકેલા અને કંટાળેલા કર્મચારીઓએ મોબાઈલથી સાબરકાંઠા કલેકટરને જાણ કરી રજૂઆત કરતા રાત્રે અઢી વાગે બસોને રવાના કરી હતી જેથી અઢી વાગે નીકળેલ કર્મચારીઓને સવારે ચાર વાગે તાલુકા મથકે ઉતારી દીધા હતા અને આ કર્મચારીઓને ઘરે પહોંચવા કોઈ જ સાધન સુવિધા ન મળતા તાલુકા મથકે બેસી રહેવાનો વારો આવ્યો હતો. આમ ચૂંટણી અધિકારીની તાનાશાહી અને કર્મચારીઓ ત્રાહીમામ પોકારી ઉઠયા હતા અને આ અંગે તપાસ કરી કાર્યવાહી કરવાની માંગ પણ કરી છે.

દાંતીવાડામાં ગેરકાયદેસર બળદ ભરેલ ૧૩ ટ્રક સાથે ૨૬ વ્યક્તિઓ પકડાયા

રાજસ્થાનથી છુપા માર્ગે આવતું ગૌ વંશ : જીવદયા પ્રેમીઓમાં રોષ

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડા, તા. ૪

અખિલ ભારતીય સર્વદલિય ગૌ રક્ષા મહાઅભિયાન સમિતિના કાર્યકરોએ દાંતીવાડા ત્રણ રસ્તા પાસે ૧૩ ટ્રકો રોકાવી ગેરકાયદેસર રીતે લઈ જવાતા ૭૭ બળદ મુક્ત કરાવ્યા હતા. પોલીસે તમામ મુદ્દામાલ કબ્જે કરી ૨૬ આરોપીઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ દિયોદર તાલુકાના મકડાલા ગામે રહેતા અને અખિલ ભારતીય ગૌ રક્ષા અભિયાનના દિયોદર તાલુકા પ્રમુખ જસવંતસિંહ બાબુજી રાજપુરોહિતને રાજસ્થાન તરફથી કેટલીક ટ્રકો બળદ ભરીને ગુજરાતમાં આવી રહી છે. તેવી માહિતી મળી હતી. આથી પ્રકાશજી જુવારજી પુરોહિત અને વિક્રમભાઈ જોષી (બન્ને રહે. માંગરોળ તા. થરાદ) પ્રાઈવેટ વાહનમાં સાંચોર પીરોની જાળ ગયેલ. જો કે ટ્રકો નિકળી ગયાનું જાણવા મળતાં પોતાની માર્શલ ગાડી મારફતે પીછો કરતાં દાંતીવાડા બી.એસ.એફ. આગળ રોકાવી પાંથાવાડા પોલીસને બોલાવી હતી. જો કે ડ્રાયવરો પાસે બળદ ક્યાં લઈ જવાના છે તે જવાબ માગતા તેઓ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. તેમજ બળદોની હેરાફેરીની પરમીટ પણ મળી આવી ન હતી. બળદો માટે ઘાસચારો અને પાણીની વ્યવસ્થા કરાઈ ન હોતી. આથી પોલીસે બળદ સાથે ૧૩ ટ્રક કબ્જે કરી (૧) હનીફ ઈબ્રાહીમ સિંધી, મહેસાણા (૨) લાલજી ઉકજી દરબાર, કવ તા. મોડાસા (૩) રમઝાન હાજીભાઈ સિંધી, મહેસાણા (૪) અનવર ઈમ્તીયાર ભટ્ટી રૂપણ તા. કરશનપુરા જી. અરવલ્લી (૫) ઈલીયાસ સાજલ સિંધી, મહેસાણા (૬) ઈબ્રાહીમ યાકુબ ભટ્ટી, કવ તા. મોડાસા (૭) હરેશ રમણલાલ પરમાર, વરસીલા તા. સિધ્ધપુર (૮) કાસમ મુરાદ ભટ્ટી, રૂપણ તા. ધનપુરા (૯) રીણાભાઈ લતીફ સિંધી, મહેસાણા (૧૦) કાળાજી ભેમાજી ખાંટ, વાવડી તા. માલપુર (૧૧) આદમભાઈ કાસમભાઈ સિંધી, મહેસાણા (૧૨) હુસેન મહંમદ ભટ્ટી (૧૩) ઈમરાન રહીમ ભીલવણ તા. પાટણ (૧૪) પ્રકાશ જવાન કટારા, કવ તા. મોડાસા (૧૫) સુમાર અયુબ સિંધી, મહેસાણા (૧૬) ભલાભાઈ લાખાભાઈ, મહેસાણા (૧૭) ઈમ્તિયાઝ અબ્દુલ સીપાઈ, ભીલવણ તા. પાટણ (૧૮) અબ્બાઉદ્દીન ફકીરભાઈ વણજારા મુસલમાન, કવ તા. મોડાસા (૧૯) મુજાહુદ્દીન અબ્દુલ ખોરજીયા, ભીલવણ તા. પાટણ (૨૦) મેરૂભાઈ દલસુખ સરાણિયા (૨૧) જાનમહંમદ દાઉદભાઈ સિંધી (૨૨) ગુલામ ઈબ્રાહીમ સિંધી, મહેસાણા (૨૩) ગજીયાભાઈ સાજુભાઈ સિંધી (૨૪) રમણભાઈ ગેલાભાઈ ઠાકોર, કવ તા. મોડાસા (૨૫) વલીમહમંદ મુબારક સિંધી અને (૨૬) હનીફ મેરૂભાઈ સિંધી, મહેસાણાની અટકાયત કરી તેમની સામે પાંથાવાડા પોલીસ મથકમાં ગુ.ર.નં. ૩૦૨૪/૨૦૧૪ પશુ પ્રત્યે ઘાતકી વર્તન અટકાવવા અધિનિયમ ૧૯૭૦ની કલમ ૧૧ ધ, ચ, ડ, ગુજરાત એનીમલ એક્ટ ૧૯૫૪ની કલમ ૫, ૬, ૮, તથા આઈ.પી.સી. કલમ ૨૧૯, ૧૧૪ તથા એમ.વી.એ. સી.ટી. કલમ ૧૭૭, ૧૮૪ મુજબ ગુનો દાખલ કર્યો છે.

દેરોલમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

છ દિવસીય ધાર્મિક કાર્યક્રમમાં યુ.એસ.એ.-યુ.કે. અને ભારતભરમાંથી દિગંબર જૈન સમાજ ઉમટ્યો

(તસવીર : રમેશ વૈષ્ણવ, વિઠ્ઠલભાઈ ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા. ૪

ખેડબ્રહ્મા તાલુકાના દેરોલ ગામના દિગંબર જૈન સમાજના અતિ પ્રાચીન મંદિરમાં છ દિવસીય પંચ કલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ અને વિશ્વશાંતિ મહાયજ્ઞની શુક્રવારે પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ મહોત્સવથી સમગ્ર દેરોલ ગામ સહીત પંથક આધ્યાત્મિક વાતાવરણના રંગે રંગાઈ ગયો હતો.

દેરોલ ગામમાં તા. ૨૭ એપ્રિલથી ૨ મે દરમિયાન પંચકલ્યાણક-માનસ્તંભ પ્રતિષ્ઠા મહોત્સવ તથા વિશ્વશાંતિ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. દેવાદિદેવ શ્રી ૧૦૦૮ પાશ્વનાથ દિગંબર જિન બિમ્બનો આ મહોત્સવ ગિરનાર ઉપસર્ગ વિજેતા દિવ્યમુનિ ૧૦૮ શ્રી પ્રબલસાગરજી મહારાજના સાનિધ્યમાં સંપન્ન થયો હતો. આ મહોત્સવથી રત્ન-સુવર્ણ-ચાંદીના ફુલોથી તથા અલૌકિક કળશોથી સુશોભિત મંડપમાં સાત ઈન્દ્રની પુંજાનો અવસરનો દિગંબર જૈન સમાજે લાભ લીધો હતો. આ પ્રતિષ્ઠા મહોત્સવ તથા વિશ્વશાંતિ મહાયજ્ઞ જૈન સમાજના મુંબઈવાળા પ્રતિષ્ઠાચાર્ય શ્રી મહીપાલજી જૈને ખાસ ધાર્મિક વિધિ વિધાનથી સંપન્ન કરાવ્યો હતો.

આ કાર્યક્રમમાં ઈડર દિગંબર જૈન સમાજના પ્રમુખ રાજેન્દ્રભાઈ સંખેસરા સહીત સમગ્ર ઈડર જૈન સમાજ ઉપસ્થિત રહ્યો હતો. આ મહોત્સવને સફળ બનાવવા સુનિલભાઈ મહેતા-સતિષભાઈ શાહ સહીત દેવપુરી ટ્રસ્ટ વિશા ધુમ્મડ પંચ મહાજન પંચ-કલ્યાણક સમિતિ તથા ગુજરાતી દિગંબર સમાજે જહેમત ઉઠાવી હતી.

પાલનપુરમાં પોલીસ લખેલી ખાનગી કારે બાઈકચાલકને અડફેટે લીધો

પાલનપુર, તા. ૩

પાલનપુર શહેરમાં દેશી વિદેશી દારૂની જાણે હાટડીઓ મંડાઈ છે. પોલીસતંત્રની મીઠી નજર અને હપ્તાના જોરે યુવાધન દારૂના નશામાં મસ્ત બની રહ્યું છે. તો દારૂ પી ને બેફામ રીતે ફરી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના દિલ્હીગેટ ચોકમાં શુક્રવારે મોડી રાત્રે પોલીસ સ્ટેશન તરફથી પુરપાટઝડપે આવી સીટી લાઈટ તરફ જતા માર્ગમાં રોંગ સાઈડે કાર નં. જીજે-૧૯-એ-૨૭૫૬ સફેદ રંગની ફન્ટીના કાચ પર અંગ્રેજીમાં પોલીસ લખેલી કારના ચાલકે જીજે-૮-એન.૯૭ના બાઈક સવારને ધડાકાભેર આગળના ભાગેથી ટક્કર મારી કારચાલક નાશી છૂટ્યો હતો. અકસ્માતમાં જતીન અશોકભાઈ ખત્રીને ઈજાઓ થતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસે આ સંદર્ભે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાંતિજમાં આકરી ગરમીમાં પણ લગ્નોની મૌસમ પૂરબહારમાં ખીલી

બજારમાં તમામ ચીજોના ઊંચા ભાવ છતાં રંગે ચંગે ઉજવાઈ રહેલા લગ્નોત્સવો

પ્રાંતિજ, તા.૪

સાબરકાંઠામાં લોકસભાની ચૂંટણીઓ પુરી થતાની સાથે જ લગ્નસરાની મૌસમ પૂરબહારમાં ખીલી ઉઠી છે. ખાસ કરીને પ્રાંતિજમાં ઉનાળાની આકરી ગરમી અને બળબળતા તાપ વચ્ચે પણ સંખ્યાબંધ લગ્નોના આયોજનો કરાયા છે જેમાં વરઘોડીયા સહિત જાનૈયાઓ અને લગ્નો માણવા પધારેલા મહેમાનો સૌ કોઈ પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે. આ લગ્નોમાં યોજાતા મોંઘાદાટ જમણવારોમાં લોકો ગરમીના કારણે પેટ ભરીને જમી પણ શકતા નથી.

ભારતમાં લગ્ન એક માત્ર પ્રસંગ જ નહી પરંતુ આખી એક પરંપરા છે. વર્ષમાં અમુક મહિનામાં જ આવતી લગ્નોની મૌસમ માણવા દરેક ભારતીય થનગની રહ્યો હોય છે. હાલમાં ચાલુ લોકસભાની ચૂંટણીઓનું ગુજરાતમાં મતદાન પુરું થતાની સાથે જ બીજી તરફ લગ્નોની સીઝન શરૂ થઈ જવા પામી છે. પરંતુ આ વખતે ઉનાળાની આકરી ગરમી એ માઝા મૂકી છે અને ધગધગતો તાપ સૂર્યદેવતા વરસાવી રહ્યા છે પરંતુ લગ્નોની મોજ માણનારાઓના ઉત્સાહમાં કોઈ કમી દેખાતી નથી. આવા બળબળાતા તાપમાં પણ મોંઘાદાટ વસ્ત્રો અને ભારે મેકઅપ સાથે મહિલાઓ સહિત અબાલવૃધ્ધ સૌ કોઈ પરસેવે રેબઝેબ થઈને પણ લગ્નપ્રસંગોનો આનંદ ઉઠાવી રહ્યા છે.

આ ઉપરાંત લગ્નપ્રસંગોમાં વાજીંત્રોવાળા-ફુલ શણગારવાળા તેમજ કાપડના ભાવ વધેલા હોવાથી લગ્નો મોંઘા બન્યા છે અને સાથે સાથે રસોઈઆ અને મજૂરોની માંગ વધતા તેમના ભાવમાં પણ બમણો ઉછાળો આવ્યો છે જેથી લગ્નો પર મોંઘવારીનું ગ્રહણ નડી રહ્યું છે. જો કે આ ગરમીની સ્હેજ પણ પરવા કર્યા વિના આસપાસના વિસ્તારના લોકો પ્રાંતિજ ખાતે કાપડ, કરિયાણું તેમજ વિવિધ સામગ્રી ખરીદવા ઉમટી રહ્યા છે. ગરમીથી બચવા આ લોકો ઠંડા પીણા અને આઈસક્રીમની મોજ પણ માણી રહ્યા છે જો કે ગરમીના કારણે મોંઘાદાટ જમણવારમાં પણ લોકો મનભરીને જમી શકતા નથી.

માહિતી આયોગ અરજદારને ભુલી ગયુ

આર.ટી.આઈ.ની સુનાવણીમાં હાજર રહેવા માત્ર માહિતી અધિકારીને જ જાણ કરી : વીસ દિવસ બાદ અરજદારને ખબર પડી કે માહિતી આયોગે સુનાવણી કરી દીધી છે

ડીસા, તા. ૪

કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦૫માં શરૂ કરાયેલ આર.ટી.આઈ.થી ભ્રષ્ટ અધિકારીઓનો નકાબ ખુલ્લો થઈ રહ્યો હોવાથી માહિતી છુપાવવા માટે વિવિધ રસમ અપનાવી રહ્યા છે. જેના કારણે માહિતી આયોગ સમક્ષ અપીલોના ઢગલા ખડકાયા છે. ત્યારે માહિતી આયોગ દ્વારા યોજાયેલી સુનાવણીની ખબર અરજદારને ૨૦ દિવસ પછી પડતાં માહિતી મેળવવા છેલ્લા બે વર્ષથી લડત ચલાવી રહેલા અરજદારે આંચકો અનુભવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ પાટણ તાલુકાના ખારેડા ગામના જાગૃત નાગરીક પ્રેમસિંહ સારજીજી ઠાકોર દોઢ વર્ષ પહેલા જિલ્લા પંચાયત પાટણના આંકડા વિભાગમાંથી માહિતી માગી હતી. જે માહિતી અધુરી મળતાં જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ અપીલ દાખલ કરાઈ હતી. આમ છતાં પુરતી માહિતી ન આપતા અરજદારે તા. ૨૪/૩/૨૦૧૨થી ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર ખાતે આંકડા અધિકારી સામે અપીલ કરી હતી. જો કે માહિતી આયોગ તરફથી આ બાબતે કોઈ પત્ર વ્યવહાર કરાયો ન હોતો એટલે જિલ્લા પંચાયતમાં તપાસ કરતા જાણવા મળેલ કે ગુજરાત માહિતી આયોગ દ્વારા આ બાબતની સુનાવણી તા. ૧૪/૩/૨૦૧૪ રોજ યોજાઈ હતી. જેનો પત્ર માહિતી અધિકારીને તા. ૨૦/૨/૨૦૧૪ના રોજ મળી ચુક્યો હતો. જો કે અરજદારને સુનાવણીની જાણ ન થતાં સુનાવણીમાં હાજર રહેવાથી વંચિત રહ્યા છે. જેના કારણે માહિતી મેળવવા માટે બે વર્ષથી લડત ચલાવતા અરજદાર પ્રેમસિંહ ઠાકોરની મહેનત પર પાણી ફરી વળ્યું છે. તેમણે આ બાબતની વાંધા અરજી માહિતી આયોગને મોકલી નવેસરથી સુનાવણી ગોઠવવાની માંગ કરી છે. ત્યારે સુનાવણીની નોટીસ ટપાલીએ અરજદારને ન આપી કે પછી જાણી જોઈને અરજદારને નોટીસથી વંચિત રખાયા તે બાબતે સવાલો ઉભા થયા છે.

ડીસામાં ગ્રાહકના વેશે આવેલ ગઠીયા સોનાની ૧૪ બુટ્ટી ઉઠાવી ગયા

ડીસા, તા.૪

ડીસા શહેરમાં જવેલર્સની દુકાનમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલા બે અજાણ્યા ગઠીયા દુકાન માલિકની નજર ચુકવી સોનાની બુટ્ટી નંગ-૧૪ લઈને પલાયન થઈ ગયા હોવાની ફરિયાદ શહેર પોલીસ મથકમાં નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા શહેરમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પાસે આરતી કોમ્પ્લેક્ષમાં પનઘટ જવેલર્સમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલ બે અજાણ્યા ગઠીયાઓ ટેબલના ખાના નીચે પડેલ સોનાની બુટ્ટી નંગ ૧૪ ભરેલ બોક્સ વજન ૯૫૦ મિલી કિં. રૂ. ૧.૭૫ લાખની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ હાંફળા ફાંફળા બનેલ વેપારીએ અજાણ્યા ગઠીયાઓની આજુબાજુમાં શોધખોળ કરી હતી. પરંતુ તેમનો કોઈ પતો નહીં લાગતા આખરે નિલેષકુમાર ખુશાલજી માળી-ગેલોત રહે. ગાયકવાડ ડીસાએ દક્ષિણ શહેર પોલીસ મથકમાં અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે. ડીસા શહેરમાં જવેલર્સની દુકાનોમાં દુકાનદારની નજર ચુકવી ગઠીયાઓ અવારનવાર દાગીના સેરવી ફરાર થઈ જાય છે ત્યારે શહેરમાં આવેલી સોના ચાંદીની દુકાનોમાં સીસીટીવી કેમેરા ફરજીયાત મુકવા માટે વેપારીઓને કડક સૂચન કરવામાં આવે અને સીસીટીવી કેમેરા ન મુકી જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરનાર વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે તે ઈચ્છનીય છે.

ખેડબ્રહ્માના ચેખલા ગામે ખેતરમાંથી અજાણ્યા વૃધ્ધનો મૃતદેહ મળી આવ્યો

ખેડબ્રહ્મા, તા.૪

ખેડબ્રહ્મા તાલુકાના ચેખલા ગામના ખેતરમાંથી આશરે ૭૦ વર્ષીય આધેડની લાશ મળી આવતા ગામમાં ચારે બાજુ ચર્ચા થવા પામી હતી. ગામના યુવાને ખેડબ્રહ્મા પોલીસને જાણ કરતા પોલીસ દ્વારા આગળની તપાસ હાથ ધરી છે.

ખેડબ્રહ્મા તાલુકાના ચેખલા ગામના મકવાણા પથાભાઈ લાલાભાઈ સવારે પોતાના ખેતર તરફ ચાલતા જઈ રહ્યા હતા ત્યારે તેમણે રસ્તામાં આવતા અન્ય ખેતર તરફ નજર પડતા ખેતરમાં કોઈ માણસ ગંભીર રીતે પડી રહેલો દેખાઈ આવ્યો હતો. ત્યારે લાલભાઈ મકવાણાએ માનવતા દાખવી આ અજાણયા આધેડને જગાડવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ આ આધેડ મૃત હાલતમાં જણાતા ખેડબ્રહ્મા પોલીસને જાણ કરવામાં આવતા સ્ટેશનના પી.એસ.આઈ. જી.કે. ઈસરાની તાબડતોબ દોડી આવી અધાડેની લાશની તપાસ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન